( શરૂ – ૦૧:૪૭ પુર્ણ–:)

**સોગંદ આપ્યા.....**

**<u>ફરીયાદી ભાવેશભાઈ ઠાકરશીભાઈ સોનગ્રાની આંક–જની સરતપાસ લગત આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એમ.આર.ગોહીલ</u>**

**(૧)** મે ધોરણ –૭ સુધીનો અભ્યાસ કરેલ છે. આ કામના આરોપી મારા સબંધી થતા હોય ઓળખુ છુ. મે જમા કરાવેલ ચેકની રકમ ત્રણ લાખ રૂપીયા છે. મે ત્રણ લાખ રૂપીયા સુધાબેનને આપેલા. મે સુધાબેનને બકાલાનો ધંધો કરવા માટે મારી પાસે મોલની રકમ પડી હતી તેમાંથી આપેલ.

સવાલ:– બકાલાના ધંધા માટે તમે ત્રીસ હજાર રૂપીયા આપેલા, બકાલાના ધંધા માટે આટલી મોટી રકમની જરૂર પડે નહી?

જવાબ:– એમને વાહનનો ધંધો કરવો હતો તેથી આપેલા.

મે ત્રણ લાખ રૂપીયા કેટલા સમય પહેલા આપેલા તે તારીખ અત્યારે મને યાદ નથી. આ ત્રણ લાખ રૂપીયા મારા ઘરે સુધાબેન આવેલા ત્યારે આપેલા. મે ત્રણ લાખ રૂપીયા આપ્યા તે અંગેનુ કોઈ લખાણ કરેલ નથી. મને ચેક કયારે આપેલો તે તારીખ યાદ નથી. ૦૧૧૦૭૬ નંબરનો ચેક આપેલો. હું સેન્ટીંગ કામ કરુ છુ, તેનુ રીટર્ન ભરતો નથી. મે આ ત્રણ લાખ રૂપીયા મારા હીસાબી ચોપડે કે સરકારમા દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા મોલના પૈસા આવેલા, તેમાંથી આપેલા. જયારે રકમ આપી ત્યારે મારી પત્ની હાજર હતી. આ રકમ મે ખાતામાં થી નહી પરંતુ રોકડમા આપેલી. રકમ મે ગોપાલભાઈને નહી પરંતુ સુધાબેનને આપેલી. મે સુધાબેનના પતિને ફોનથી સુધાબેનને પૈસા આપ્યા અંગેની જાણ કરેલી.

આ તબકકે મુદત અરજી રજુ થતા વધુ ઉલટ તપાસ મુલતવી.

**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૨૭/૦૨/૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.